# ટામેટા, આદુ બાદ લસણના ભાવ વધ્યા

## ૩૦ રૂ.માં મળતું લસણ અત્યારે ૧૨૦ થી ૧૩૦ રૂ.કિલો ઉપર પહોંચ્યું છે

ગાંધીનગર, તા.૩૧

ઘરમાં ભોજન માટે જરૂરી એવા શાકભાજીમાં રોજિંદા વપરાશમાં ટમેટા, આદુ મોંઘા થયા બાદ હવે લસણના ભાવ વધ્?યા છે. ૩૦ રૂ. મળતું લસણ અત્?યારે ૧૨૦ થી ૧૩૦ રૂ.કિલો ઉપર પહોંચ?યું છે. ટમેટા બાદ તમામ શાકભાજીના ભાવ આસમાને પહોંચ્યા છે. જેના કારણે ગૃહિણીઓનુ બજેટ ખોરવાઈ ગયુ છે. છેલ્લા કેટલાક સમયથી ટમેટાના વધતા ભાવે સમસ્યાઓ વધારી છે. કેટલીક જગ્યાએ વાનગીઓમાંથી ટામેટા ગાયબ જ થઈ ગયા છે ત્યારે હવે અન્ય શાકભાજી પણ મોંઘા થતા ગૃહિણીઓનું બજેટ વેરવિખેર થઈ ગયુ છે.

બજારમાં વેપારીનું કહેવું છે કે જયાં સુધી લોકલ આવક શરૂ નહીં થાય ત્યાં સુધી આજ પરીસ્થિતિ રહેશે. એક સપ્તાહ પુર્વે આવેલ ધોધમાર વરસાદને કારણે અનેક વિસ્તારોના ખેતરોના પાક ધોવાય ગયા હતા. કેટલીક જગ્યાએ પુર જેવી સ્થિતિ સર્જાઈ હતી. આથી ખેડુતો પાક ધોવાઈ ગયો હતો. હાલ આ સમયે નવો પાક બજારમાં આવી જાય આથી દર વર્ષે ભાવ ઓછા હોય છે. પરંતુ ચોમાસાની શરૂઆતથી જ મેઘરાજાએ અનેક તાલુકાઓ રમધોળી નાખ્યા છે. આથી નવા પાકની આવક પર બ્રેક લાગ્યો છે.



ટમેટા, ગુવાર, મરચા જેવા શાકભાજી અન્ય રાજયોમાંથી મંગાવવા પડે છે ત્યારે અન્ય રાજયોમાં પણ ધોધમાર વરસાદ હોવાથી અન્ય રાજયોમાંથી આવતા શાકભાજીની આવક અટકી ગઈ છે. આગામી સમયમાં જો વરસાદ નહીં પડે અથવા નહીવત વરસાદ હશે તો જ સ્થિતિ સામાન્ય બનશે. પરંતુ જો ફરી ધોધમાર વરસાદ ખાબકશે તો એક મહિના બાદ સ્થિતિ સામાન્ય થશે. બેંગ્લોર અને મહારાષ્ટ્રમાંથી ટામેટા મંગાવવામાં આવતા હતા પરંતુ મહારાષ્ટ્રમાં પણ વરસાદ પડતા ટમેટાની આવક બંધ થઈ ગઈ છે. આથી હાલ ટમેટા માટે માત્ર બેંગ્લોરનો જ સહારો છે.

અન્ય રાજયોમાંથી પણ આવક ઓછી આવતી હોવાથી માલની ખેંચ ઉભી થાય છે. આગામી સમયમાં જસદણ, ચોટીલા, લોધીકા, પડધરી સહિતના વિસ્તારોમાંથી નવી આવક શરૂ થઈ જશે.જે આગામી સમયમાં વરસાદ નહીં આવે તો શાકભાજીની એટલી પુષ્કળ આવક થશે કે શાક અન્ય રાજયોમાં મોકલવું પડશે.યાર્ડમાં ટમેટા કિલોના રૂા.૧૧૦-૧૬૦, કોથમરી રૂા.૩૦ થી ૫૦, રીંગણા ૩૦ થી ૫૦, કોબીજ રૂા.૧૫ થી ૨૫, ભીંડો રૂા.૨૦ થી ૪૨, ગુવાર રૂા.૫૦ થી ૮૦, ચોળાસીંગ રૂા.૪૦ થી ૫૫, આદુ રૂા.૧૨૫ થી ૧૫૦, મરચા રૂા.૪૦ થી ૬૦ ભાવ બોલાયા હતા.

# રક્ષાશક્તિ યુનિવર્સીટી અને બીપીઆર એન્ડ ડી વચ્ચે એમઓયુ

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરના લવાડ ખાતેની રાષ્ટ્રીય રક્ષાશક્તિ યુનિવર્સીટી અને બ્યુરો ઑફ પોલીસ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (BPR&D)એ એક એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે. આ એમઓયુ સંશોધન અને વિકાસના ક્ષેત્રમાં સહકાર અને સહયોગ વધારવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે. કરારનો ઉદ્દેશ્ય બંને સંસ્થાઓ વચ્ચે પરસ્પર સમજણ અને જ્ઞાનની વહેંચણીને પ્રોત્સાહન આપવાનો છે, જે આખરે ભારતમાં પોલીસિંગ પ્રેક્ટિસના વિકાસમાં ફાળો આપશે. એમઓયુ પર Cdr મનોજ ભટ્ટ, (નિયામક, જોડાણ અને માન્યતા), RRU દ્વારા તન્વી સિંઘ, (સહાયક ડીન) RRU અને રવિ જોસેફ લોકુ IPS, મહાનિરીક્ષક/નિર્દેશક (સંશોધન અને સુધારણા વહીવટ) BP R&D અને બાલાજી શ્રીવાસ્તવ IPS (ડાયરેક્ટર જનરલ, BPR&D) અને BPR&Dના અન્ય વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં હસ્તાક્ષર કરવામાં આવ્યાં હતા.

આરઆરયુ અને બીપીઆર એન્ડ ડી વચ્ચેના આ એમઓયુ હેઠળ, બંને સંસ્થાઓ સંયુક્ત સંશોધન પ્રોજેક્ટ્સ, વિનિમય કાર્યક્રમો, તાલીમ પહેલ અને ક્ષમતા નિર્માણ પ્રવૃત્તિઓને વધુ સુવિધા આપશે. તેમની સંબંધિત કુશળતા અને સંસાધનોનો લાભ લઈને, બંને સંસ્થાઓ ભારતમાં કાયદા અમલીકરણ એજન્સીઓ દ્વારા સામનો કરવામાં આવતા વિવિધ પડકારોને સંબોધવા અને નવીન ઉકેલો વિકસાવવાનો હેતુ ધરાવે છે.

આ ભાગીદારી હેઠળ, RRU અને BPR&D આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI). ડેટા એનાલિટિક્સ, સાયબર સિક્યુરિટી, ફોરેન્સિક સાયન્સ અને કાઉન્ટર ટેરરિઝમમાં ઉભરતી ટેક્નોલોજી સંબંધિત સંશોધન પ્રોજેક્ટ્સ પર સાથે મળીને કામ કરશે. આ ક્ષેત્રોમાં પોલીસિંગ પ્રેક્ટિસમાં પરિવર્તન લાવવા અને જાહેર સલામતી સુધારવાની અપાર ક્ષમતા છે.

એમઓયુમાં સમાવિષ્ટ એક્સચેન્જ પ્રોગ્રામ્સ, બંને સંસ્થાઓના ફેકલ્ટી સભ્યો, સંશોધકો અને વિદ્યાર્થીઓને શૈક્ષણિક વિનિમય, વર્કશોપ, સેમિનાર અને પરિષદોમાં જોડાવવા માટે સક્ષમ બનાવશે. આ તેમને પોલીસિંગના ક્ષેત્રમાં વિવિધ અભિગમો અને અન્ય પરિપ્રેક્ષ્યો વિશે મૂલ્યવાન માહિતી આપશે. આ ઉપરાંત, આ સહકાર વિવિધ સ્તરે પોલીસ અધિકારીઓ માટે સંયુક્ત તાલીમ કાર્યક્રમોને સરળ બનાવશે.

# સ્તન કેન્સર સામેની લડાઈમાં સારવારના વધુ વિકલ્પો મળશે

## એસોસિયેશન ઓફ બ્રેસ્ટ સર્જન્સ ઓફ ઈન્ડિયાની ૧૧મી વાર્ષિક કોન્ફરન્સ યોજાઈ : એચસીજી કેન્સર સેન્ટર અમદાવાદ અને જીસીઆરઆઈએ કર્યું હતું ABSICON ૨૦૨૩નું આયોજન

ગાંધીનગર, તા.૩૧

ૐઝર કેન્સર સેન્ટર અમદાવાદ અને જીસીઆરઆઈ એ ABSICON ૨૦૨૩નું આયોજન કરે છે, જે એસોસિયેશન ઑફ બ્રેસ્ટ સર્જન્સ ઑફ ઈન્ડિયા (ABSI) ની ૧૧મી વાર્ષિક કોન્ફરન્સ, ૨૮-૩૦ જુલાઈ, ૨૦૨૩ દરમિયાન અમદાવાદની હોટેલ નારાયણી હાઈટ્સ ખાતે યોજાશે. તેનો હેતુ ભારતમાં સ્તન કેન્સરની સારવારના ક્ષેત્રમાં વૈજ્ઞાનિક પ્રગતિ, અભ્યાસ અને સંશોધનને પ્રોત્સાહન આપવાનો હતો.

ABSICON ૨૦૨૩ એ ૧૧મી આવૃત્તિને ચિહ્નિત કરે છે, જેનું આયોજન HCG કેન્સર સેન્ટર અમદાવાદ અને GCRI દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું છે, જે ભારતમાં સ્તન કેન્સરના કેસોના નિદાન અને સારવારમાં બે પ્રખ્યાત અગ્રણીઓ છે. બંને સંસ્થાઓ વચ્ચેના સહયોગનો ઉદ્દેશ્ય રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય તબીબી વ્યાવસાયિકો વચ્ચે જ્ઞાનની વહેંચણી અને કુશળતાનું વિનિમય કરવાનો છે, જેઓ વ્યાખ્યાનો રજૂ કરાયા, ચર્ચાઓ અને પેનલોમાં સામેલ કરાઈ અને કોન્ફરન્સમાં નવીનતમ સંશોધન પેપર પ્રસ્તુતિઓનું પ્રદર્શન કરાયું હતું. આ ઈવેન્ટ સ્તન કેન્સરની સારવારને વધારવા માટે સમર્પિત અગ્રણી નિષ્ણાતો, વ્યાવસાયિકો અને સંશોધકોને એકત્ર કર્યા હતા. HCG સાથે આ વખતે, કેન્સર કેરનું ભારતનું સૌથી મોટું પ્રદાતા,



દર્દી-કેન્દ્રિત અને મૂલ્ય-આધારિત કેન્સર કેર પહોંચાડવાની એક્સેસ પર કેન્દ્રિત હતું.

ડૉ ડી જી વિજય, સર્જિકલ ઓક્રોલોજી, એચસીજી કેન્સર સેન્ટર, અમદાવાદે જણાવ્યું હતું કે, "અમદાવાદમાં ABSICON ૨૦૨૩ નું આયોજન કરવામાં અમને આનંદ થાય છે, જે તેની તબીબી શ્રેષ્ઠતા અને આરોગ્યસંભાળ પ્રત્યે પ્રતિબદ્ધતા માટે પ્રખ્યાત શહેર છે. એચસીજી પર અમારું મુખ્ય ધ્યાન અદ્યતન ટેક્નોલોજી, સતત સંશોધન અને નવીનતા અપનાવીને દર્દી-કેન્દ્રિત અને મૂલ્ય-આધારિત કેન્સર કેર પહોંચાડવામાં આવેલું છે. આ કોન્ફરન્સ સ્તન કેન્સર સામેની લડાઈ માટેના અમારા સમર્પણનો પુરાવો છે. ABSICON દ્વારા, અમે વૈજ્ઞાનિક નવીનતા અને અત્યાધુનિક સારવાર અભિગમોના પ્રસારમાં નોંધપાત્ર યોગદાન આપવાની આશા રાખીએ છીએ."

ડૉ. તનય શાહ, સર્જિકલ ઓક્રોલોજી, એચસીજી કેન્સર સેન્ટર, અમદાવાદ, ઉમેરે છે કે, "ABSICON ૨૦૨૩ એ સ્તન કેન્સર સામે લડવાના અમારા અવિરત પ્રયાસમાં એક નિર્ણાયક સીમાચિહ્નરૂપ છે. વિખ્યાત નિષ્ણાતો, સંશોધકો અને હેલ્થકેર પ્રોફેશનલ્સને એકસાથે લાવીને, અમે દેશમાં સ્તન કેન્સરના દર્દીઓના જીવનને સુધારવામાં નોંધપાત્ર પ્રગતિ કરીશું. એચસીજી ખાતે અમે જીસીઆરઆઈની સાથે આ ઈવેન્ટને સહ-હોસ્ટ કરવા માટે સન્માનિત છીએ. દર્દીઓ અને તેમના પરિવારો પર સ્તન કેન્સરની અસર જોવાથી મને વૈજ્ઞાનિક સંશોધન અને સારવારની સીમાઓ આગળ ધકેલવામાં આવે છે.

એચસીજીપર સ્તન કેન્સર માટે પાંચ વર્ષનો જીવિત રહેવાનો દર ૮૬.૯% છે, જે ભારતમાં સૌથી વધુ છે અને અમે કેન્સર મુક્ત જીવન માટે વધુ સારા સારવાર વિકલ્પો પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છીએ." ABSICON ૨૦૨૩માં હાજરી આપનાર પ્રતિનિધિઓએ સ્તન કેન્સર વિશે જાગૃતિ ફેલાવવા, દર્દીઓ માટે પ્રમાણભૂત સંભાળ પ્રોટોકોલનો અમલ કરવા અને વિશ્વ-કક્ષાના સારવાર વિકલ્પોની એક્સેસ વધારવામાં, જરૂરિયાતમંદોને તેમની સરળતામાં આશા અને સાજા કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

# ઓગસ્ટ માસમાં આકાશમાં બે સુપરમૂન જોવા મળશે

## પહેલો સુપર મૂન આજે અને બીજો સુપર બ્લુ મૂન ઓગસ્ટના અંતિમ દિવસે જોવા મળશે

ગાંધીનગર, તા. ૩૧

અવકાશી ખગોળીય ઘટનાઓ ઘણીવાર આશ્ચર્ય પમાડે તેવી હોય છે. ખગોળ રસિકો માટે આનંદના સમાચાર છે કે આ વખતે ઓગસ્ટ માસમાં બે વાર "સુપર મૂન" જોવા મળશે જે જવલ્લે જોવા મળતી ઘટના બનશે. પહેલો સુપર મૂન તા. ૧ ઓગસ્ટના રોજ અને બીજો સુપર મૂન તા. ૩૧ ઓગસ્ટના રોજ જોવા મળશે. અત્રે ઉલ્લેખનીય છે કે જ્યારે એક જ મહિનામાં બે સુપર મૂનની ઘટના સર્જાય ત્યારે બીજા સુપર મૂનને સુપર બ્લુ મૂન તરીકે ઓળખવામાં આવે છે. આ પ્રકારની ઘટના ફરી વર્ષ ૨૦૩૭ સુધી જોવા મળશે નહીં.ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી - ડો. નરોત્તમ શાહુએ ટ્વિટ કરીને જણાવ્યું છે કે "આ ઓગસ્ટના આકાશમાં સુપરમૂનની જોડી જોવાની તક મળશે જેમાં પહેલો સુપર મૂન તા. ૧ ઓગસ્ટ



અને બીજો સુપર મૂન તા. ૩૧ ઓગસ્ટના રોજ આકાશમાં બે સુપરમૂન જોવા મળશે. તા. ૩૧ ઓગસ્ટનો ચંદ્ર સુપર બ્લુ મૂન છે. સુપરમૂન આપણને આકાશ તરફ જોવાની અને અન્વેષણ કરવાની ઉત્તમ તક પૂરી પાડે છે.આ વર્ષનો પહેલો સુપરમૂન જુલાઈમાં જોવા મળ્યો હતો. આમ તો આ પ્રકારની ચોથી અને અંતિમ ઘટના સપ્ટેમ્બરમાં સર્જાશે પરંતુ ઓગસ્ટમાં સર્જાનાર ઘટનામાં તે બંને ઘટના કરતાં તે વધુ નજીક દેખાશે. અગાઉ ૨૦૧૮માં, એક જ મહિનામાં બે સુપરમૂન આકાશમાં દેખાયા જતા અને હવે તે ૨૦૩૭ સુધી વધુ એક વખત જોવા મળશે નહીં.




આજરોજ ગાંધીનગર જાયંટસ પરિવાર દ્વારા જાયન્ટસ પરિવાર ના સભ્યો પાસેથી સારા ઉપયોગી કપડાં ઉઘરાવીને સેકટર-૮ ના ગરીબ ઝૂંપડપટ્ટીમાં રહેતા જરુરીયાતમંદ મજૂરોને ચાલુ વરસાદમાં કપડાંનુ વિતરણ કરવા સવારે ૭.૩૦ કલાકે કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.જેમાં જા.વે.ફા. ના પૂર્વ પ્રમુખ બી એમ પટેલ, ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલ, પૂર્વ ઉપપ્રમુખ સાંકાભાઈ પટેલ,જાયન્ટસ મેઈન ગૃપના પ્રમુખ કૃણાલ પટેલ, સાહેલી ગૃપના પ્રમુખ સોનલબેન પટેલ,ડૉ. ટી.કે.પટેલ, પૂર્વ સાહેલી પ્રમુખ પારુલ પટેલ તથા ડિમ્પલબેન વિ. એ હાજરી આપેલ.



પેથાપુર બજાર નજીક કરૂણ અકસ્માત સર્જાયો હતો. ટ્રકની અડફેટે ગાય આવી જતાં તે ગંભીર રીતે ઘાયલ થઈ હતી. તેને યોગ્ય સારવાર મળે તે પહેલા તેનુ મૃત્યુ થયુ હતુ.

# ડાક અદાલત-પેન્શન અદાલત જોગ

ગાંધીનગર, તા. ૩૧

ટપાલસેવાને લગતા પ્રશ્નોનાં નિરાકરણ માટે સીનીયર સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ, ગાંધીનગર ડિવિજન, ગાંધીનગર, સેક્ટર-૧૧ ખાતે તા. ૧૬-૮-૨૦૨૩ના રોજ ૩ કલાકે ડાક અદાલત તેમજ ૪ કલાકે પેન્શન અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે.આ અદાલતમાં ટપાલસેવાને લગતી ફરિયાદો સાંભળવામાં આવશે. આ અંગેની આપની ફરિયાદો સિનિ. સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ, ગાંધીનગર ડિવિજન, ગાંધીનગર, સેક્ટર-૧૧ ને મોડામાં મોડી તા. ૯-૮-૨૦૨૩ સુધીમાં મળી જાય તે રીતે મોકલવાની રહેશે.

નિર્ધારિત સમય મર્યાદા બાદ મળેલી ફરિયાદોને ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

ફરિયાદ વિષયલક્ષી સ્પષ્ટ અને ટૂંકમાં હોવી જોઈએ. નીતિવિષયક ફરિયાદોને ઉપરોક્ત ડાક અદાલતમાં ધ્યાનમાં લેવામાં આવશે નહીં. તદુપરાંત ફરિયાદની એક અરજીમાં એક કરતા વધુ મુદ્દા અથવા વિષય હોવા જોઈએ નહીં.

ડાક અદાલત અંતર્ગત માત્ર ગાંધીનગર શહેરની પોસ્ટ ઓફીસ સંબંધિત ફરિયાદ જ ધ્યાને લેવાશે.



મંગલમૂર્તિ મહિલા મંડળ દ્વારા પ્રવાસનું આયોજન અધિક માસ નિમિત્તે કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત અંબાજી, બાલારામ, શામળાજી સહિતના સ્થળોની મુલાકાત લઈને દર્શનનો લાભ લીધો હતો.

# ભગવાન લિંગ, મૂર્તિ કે સ્થાનમાં રહ્યા નથી. સમસ્ત જગત શિવમય છે.

## શિવમહિમ્નસ્તોત્ર પ્રવચન શ્રેણી નવમો દિવસ

આચાર્ય પુષ્પદંતજીની દ્રષ્ટિમાં ભગવાન લિંગ, મૂર્તિ કે સ્થાનમાં રહ્યા નથી. સમસ્ત જગત શિવમય છે. અષ્ટમૂર્તિ વુભૂતિ રૂપે સમસ્ત જગતમાં પ્રગટ છે. રમણ મહર્ષિ કહે છે જગત ભગવાનની અષ્ટમૂર્તિ જ છે. પ્રણવ, ઓમકાર એ ભગવાનનું એવું નામ છે જે સગુણ-નિર્ગુણ બંને સ્વરૂપને દર્શાવે છે.

શ્ર્લોક : ૨૭

આચાર્યજી ભગવાનને સંબોધન કરે છે. ‘ શરણદ ’ અર્થાત્ દરેકને પોતાનામાં શરણ આપનાર આપનું શરણ ન મળે તો કોઈ જીવ સૃષ્ટિ પર ટકી શકે નહીં. , ઓમકાર પરમાત્માનું એકાક્ષરી નામ છે. જેમાં ઈશ્વરના સમસ્ત સ્વરૂપનો નિર્દેશ થઈ જાય છે. ઓમકાર માં કાર એ સ્વર છે, ‘ ઉ ’ કાર પણ સ્વરૂપ છે. જ્યારે ‘ મ ’ કાર વ્યંજન છે. આ નું વ્યસ્ત સ્વરૂપ છે. એ પરમાત્માનું નામ છે. એની ત્રણ માત્રાથી સમસ્ત જગતનું સૂચન થઈ જાય છે. માત્રા એટલે ઉચ્ચારણ કરવાનો સમય ૩ સ્વર-વ્યંજન ત્રણ વેદનો નિર્દેશ કરે છે. અને ત્રણ અવસ્થા જાગ્રત-સ્વપ્ન-સુષુપ્તિનો નિર્દેશ કરે છે. ઓમકારના ઉચ્ચારણ સમયે કારનો ઉચ્ચાર કરો તો મુખ ખૂલે છે. ‘ ઉ ’ કાર ના ઉચ્ચાર સમયે મુખ અડધું ખૂલે છે. ‘ મ ’ ના સમયે ઓષ્ટ જોડાય છે મુખ વિકસિત થાય



છે એટલે કે ખૂલે છે એ જાગ્રત અવસ્થાનું સૂચન કરે છે. ‘ ઉ ’ કાર સમય સ્વપ્નાવસ્થા છે. ‘ મ ’ કાર સુષુપ્તિ અવસ્થા છે.

જીવની ત્રણ અવસ્થાના નામ આ પ્રમાણે છે

જાગ્રત જીવને વિશ્વ, સ્વપ્ન અવસ્થાના જીવને તજસ, સુષુપ્તિના જીવને પ્રાજ્ઞ કહે છે. સમસ્ત સુષુપ્ત અવસ્થાના અભિમાની ને ઈશ્વર કહેવાય છે. સમસ્ત સ્વપ્ન અવસ્થાના અભિમાનીને હિરણ્યગર્ભ અને સમસ્ત જાગ્રૃત અવસ્થાના અભિમાનીને વિરાટ કેવાય છે.

ત્રણ ભુવન નું નિરૂપણ અને દેવતાનું પણ કથન થાય છે.

| ત્રિભુવન | ભૂ: | ભુવ: | સ્વ: |
|---|---|---|---|
| | સૃષ્ટિ | સ્થિતિ | પ્રલય |
| | બ્રહ્મા | વિષ્ણુ | મહેશ |

આમ ત્રણ માત્રાથી ઈશ્વરના સમસ્ત સ્વરૂપનું વર્ણન થઈ જાય છે. જે સર્વાવિકારથી પર છે એ અવસ્થાને તુરીય કહેવામાં આવે છે તુર્યાવસ્થા તમસ, રજત, સત્વ ત્રણેય થી પર છે. એ શિવનું નિર્ગુણ સ્વરૂપ છે ત્રણ માત્રા વાળા ઓમનું ઉચ્ચારણ થયા પછીની જે શાંતિ છે એજ પરમાત્માના નિર્ગુણ સ્વરૂપને દર્શાવે છે. મન-ઈન્દ્રિય શાંત થતા જાય છે. શાંત થયા પછી ની અવસ્થા જ તુરીય અવસ્થાને દર્શાવે છે એને જ અંતરનાદ કહેવામાં આવે છે. ત્રણેય માત્રા ઉચ્ચારણનો સમય, માપ હોય છે શાસ્ત્રોમાં એક એક માત્રાની ઉપાસના પણ દર્શાવેલ છે. ‘ મ ’ વ્યસ્ત કાર સગુણ સાકાર ને દર્શાવે છે એ પછી ની શાંતિથી નિર્ગુણ સ્વરૂપની પ્રતીતિ છે.

શ્ર્લોક : ૨૮

ભગવાનના આઠ સ્વરૂપનું દર્શન અહીં થાય છે. પ્રણવોપાસના નો અધિકારી કોઈ વૈરાગી વ્યક્તિ હોઈ શકે. પ્રણવ ઉપાસના વૈરાગ્ય પ્રદાન કરનાર છે. આથી અહીં ભગવાનના બીજા નામ દર્શાવવામાં આવ્યા છે.

૧. ભવ : ભવતિ સર્વમ્ તસ્માત્, જેમાંથી બધું જ ઉત્પન્ન થાય છે. ભગવાન શિવની જલમૂર્તિનું સૂચન કરે છે. જલ એ ઉત્પતિનું સ્થાન છે. પૃથ્વીની ઉત્પતિ એમાંથી જ થયેલી છે. રુદ્રિમાં ભગવાનનું આ નામ આવે છે. ભવાય નમ : ભવસ્વરૂપ ઈશ્વરને પ્રણામ

૨. શર્વ : જે સર્વને શરણ આપનાર, ઉત્પન્ન કરનાર, જગતનું પાલન કરનાર, અંધકારને દૂર કરનાર છે. આ દ્વારા સદાશિવની પૃથ્વીમૂર્તિનું સૂચન છે ? શર્વાય નમ : રૂપે વેદમાં દર્શાવાય છે.

૩. રુદ્ર : ભગવાનની અગ્નિમૂર્તિને દર્શાવે છે. અગ્નિમાં બધું જ લય થઈ જાય છે. સમસ્ત જગતને ૪. પશુપતિ : જે પાશથી બંધાયેલ છે. અસ્વતંત્ર પશુવત્ જીવોનો આશ્રય પ્રભુ સદાશિવ જ છે. સદાશિવ સર્વ જીવને બંધનમુક્ત કરે છે. ભગવાનનું આ સ્વરૂપ આત્મમૂર્તિ છે.

૫. ઉગ્ર : આ શબ્દથી વાયુમૂર્તિને દર્શાવાય છે સમસ્ત જગતને ગતિ પ્રદાન કરે છે. ભીમ-હનુમાનને પણ ઉગ્રમૂર્તિ કહે છે. નમઃ ઉગ્રાય ’ એમ ઉચ્ચારાય છે.

૬. સહમહાન : જે મહાની સાથે છે. માટે ભગવાનનું નામ મહાદેવ કહેવાય છે આ એમની સોમમૂર્તિ ને દર્શાવે છે એ શીતળતા પ્રદાન કરે છે. ૭. ભીમ : અર્થાત્ વ્યાપક આકાશ મૂર્તિ

૮. ઈશાન : ભગવાનની સૂર્યમૂર્તિ દર્શાવે છે જે સર્વે ને જીવન પ્રદાન કરે છે.

શ્ર્લોક : ૨૮

વેદ દ્વારા જ આ બધા નામનો ઉલ્લેખ થયેલો છે. હે દેવ, આ બધા નામે આપ પ્રિય છો. પુષ્પદંતજી માટે શિવજી સાક્ષાત્ થયા છે. માટે આચાર્યશ્રી ભાવથી ભરાઈને ભગવાનને પ્રણામ કરવા લાગ્યા છે. પ્રવાહિત-વિધિપૂર્વક શરીર-વાણી-મનથી નમન કરું છું. અને એ ભાવ-ભક્તિથી એટલા ભરાઈ ગયા છે કે એમની માત્ર નમસ્કાર જ સૂઝે છે. શ્ર્લોક : ૨૯

પ્રભુના સર્વસ્વરૂપને આચાર્ય નમસ્કાર કરે છે. કહે છે એકદમ નજીક છે એવા આપને નમસ્કાર, એકદમ દૂર છે એવા આપને નમસ્કાર, અતિસૂક્ષ્મ, અતિ વિરાટ, અતિવૃધ્ધ, નિરંતર યુવા એવા શિવજીને નમસ્કાર છે. શિવજી વિદ્યાવૃધ્ધ છે, કલા વૃધ્ધ છે, એવા આપના સર્વરૂપને નમસ્કાર છે.

શ્ર્લોક : ૩૦

ભગવાનની ત્રિમૂર્તિને નજર સમક્ષ રાખી પ્રણામ કરે છે. જે મૂર્તિમાં રજોગુણ વિશેષ માત્રામાં છે. ભવત્ સર્વે-જગતના સંહાર કાલે તમોગુણ મૂર્તિમાં વિશેષ છે. એવી તમામ મૂર્તિને પ્રણામ. જનસુખ કૃતેય-સૃષ્ટિના પાલન/રક્ષણ સમયે જીવોને સુખ પ્રદાન કરનાર વિષ્ણુમૂર્તિ-મૃડાય. જેમાં સત્વ અધિક માત્રામાં છે એવા મૂર્તિ સ્વરૂપને નમો નમઃ સત્વ, રજસ, તમોગુણ આધારે પ્રણામ કર્યા છે. તેજો મય, જ્યોર્તિમય પદ છે એવા શિવસ્વરૂપને નમો નમઃ

શ્ર્લોક : ૩૧

તમામ સ્તુતિ-સ્તોત્રની રચનાને અંતે પ્રભુ સામે દીન બની રહે છે. આજે જે થયું એમાં મારી કોઈ વિસાત નથી. હું અલ્પજ્ઞ છું, કલેશથી ગ્રસ્ત છું. હું મંદ પડી ગયેલો છું. પરંતુ તમે મારામાં ઉત્સાહ ભરી દીધો, મંદત્વને દૂર કર્યું. અંતરમાં આપના પ્રત્યેનો ભક્તિભાવ પ્રગટ્યો એણે જ મારી પાસે વાક્ય પુષ્પરૂપી હાર પહેરાવડાવ્યો.

અહીં શિવમહિમ્ન સ્તોત્ર પૂર્ણ થાય છે...

અહીં પછીના શ્ર્લોકોમાં મહાત્મ્યનું વર્ણન છે. જે આ પ્રમાણે છે. શ્ર્લોક : ક્ષમાપત્ર

ઉચ્ચારણમાં ક્યાંક ભૂલ થઈ હોય માત્રા
ઓછી વત્તી થઈ જાય તો એ ભુલો ને
ક્ષમ્ય ગણજો હે પ્રભુ પ્રસન્ન થાવ.

ભગવાનના ગુણગાન ગાવા અસંભવ છે. સરસ્વતી સ્વયં લખવા બેસે તો પણ એ શક્ય ન બને. સકલગુણ વરિષ્ઠ એવા ગાંધર્વરાજ પુષ્પદેવજી એ આ સ્તોત્ર બનાવ્યું છે. આ સ્તોત્રના પાઠથી શું ફળ મળે એ શ્ર્લોકમાં દર્શાવ્યું છે. આ સ્તોત્રમાં કોઈ દોષ નથી. પરમ ભક્તિભાવ, શુધ્ધ મનથી જે રોજ આ સ્તોત્રનો પાઠ કરે છે એ શિવલોક ને પ્રાપ્ત કરે છે. રૂદ્રતુલ્ય બને છે. આ જીવનમાં પણ ધન, આયુષ, પુત્ર, યશ પ્રાપ્ત કરે છે. આમ ઘણું મહાન ફળ મળે છે.